# હેડકી



- સૂંઠ અને ગોળને ગરમ પાણીમાં મેળવી તેના ટીપા નાકમાં નાખવાથી હેડકી બંધ થાય છે.
- ગોળના પાણીમાં સૂંઠ ઘસી થોડી થોડી વારે સૂંઘવાથી હેડકી બંધ થાય છે.
- શેરડીનો રસ પીવાથી હેડકી બંધ થાય છે.
- અડદ અને હિંગનું ચૂર્ણ દેવતા પર નાખી તેનો ધુમાડો મોંમાં લેવાથી હેડકી બંધ થાય છે.
- નાળિયેરના છેડાને બાળી તેની રાખ મધમાં ચાટવાથી હેડકી બંધ થાય છે.
- ગાયનું દૂધ ઉકાળીને પીવાથી હેડકી બંધ થાય છે.
- ગાજર પીસીને સૂંઘવાથી હેડકી બંધ થાય છે.
- તુલસીનો રસ 10 ગ્રામ અને મધ 5 ગ્રામ ભેગું કરી પીવાથી હેડકી બંધ થાય છે.
- જીરું ખાવાથી હેડકી બંધ થાય છે.
- આંબાના પાંદડાને બાળી તેનો ધુમાડો લેવાથી હેડકી બંધ થાય છે.
- જાયફળને ચોખાના ધોવાણમાં ઘસીને પીવાથી હેડકી બંધ થાય છે.
- કાંદાના રસના ટીપા નાકમાં નાખવાથી હેડકી બંધ થાય છે.
- થોડી હળદર પાણી સાથે ફાકી જવાથી હેડકી બંધ થાય છે.
- દૂધમાં સૂંઠ ઉકાળીને તેના ટીપા નાકમાં નાખવાથી હેડકી બંધ થાય છે.
- મૂળાનો રસ પીવાથી હેડકી બંધ થાય છે.
- સરગવાના પાનનો પીવાથી હેડકી બંધ થાય છે.
- હેડકીના રોગીને ઠંડી ચીજવસ્તુ , ફ્રીઝ-કોલ્ડ વસ્તુ, ઠંડા પીણા, વાસી કંઈ ન આપવું.
- એકવાર ગરમ અને એકવાર ઠંડું દૂધ વારાફરતી મધ અને ખાંડ નાખેલું પીવા આપવું અને તેનાથી નસ્ય કરવું.
- વિરેચન દ્રવ્યો યુક્ત ઘી પીવાથી તરત હેડકી બંધ થાય છે.
- દશમૂળનો કવાથ, હિંગ્વાદી ચૂર્ણ આપવાથી હેડકી બંધ થાય છે.
- આમળાના રસમાં મધ અને પીપરનું ચૂર્ણ નાખી ચાટવાથી હેડકી બંધ થાય છે.
- મયુરપિચ્છ ભસ્મ જરાક જેટલી મધમાં ચાટવાથી હેડકીમાં રાહત થાય છે.
- મોરના પીંછા અથવા લીંબુના છોતરા બાળીને બનાવેલી ભસ્મ પાણી સાથે લેવી.
- બોરડીની છાલ અને લવિંગ વાટી મધમાં ચાટવાથી હેડકી બંધ થાય છે.
- બીજોરું અને સાકર મધ કે ઘી સાથે ખાવાથી હેડકી બંધ થાય છે.

- ખડસલીયાની ડુંડીનું ચૂર્ણ પાણીમાં વાટીને પીવાથી હેડકી બંધ થાય છે.
- અશેળીયો પાણીમાં પલાળી પીવાથી હેડકી બંધ થાય છે.
- અઘેડાના રસમાં આદુ અને મધ નાખી પીવાથી હેડકી બંધ થાય છે.
- નગડના બી અને પીપરના કાઢામાં શેકેલી હિંગ નાખી પીવાથી હેડકી બંધ થાય છે.
- કાંકચીયા પાણીમાં ઉકાળી તે પાણી પીવાથી હેડકીમાં રાહત થાય છે.
- મોરપીંછના ચાંદલાની ભસ્મ તથા લીંડીપીપર મધમાં ચાટવાથી તાવ સંબંધી હેડકી ને ઉલટી મટે.
- બીજોરાનો રસ, સિંધવ નાખી પીવાથી હેડકી બંધ થાય છે.
- જેઠીમધનું ચૂર્ણ મધ સાથે ચાટવાથી હેડકી બંધ થાય છે.
- સરગવાનું મૂળ ગાયની છાશમાં ઘસી હિંગ નાખી પીવાથી હેડકી બંધ થાય છે.
- આમળા, પીપર, સૂંઠનો કાઢો સાકર નાખી પીવાથી હેડકી બંધ થાય છે.